# ઇન્ટિરિયર ડિઝાઈનર

એક ઈન્ટિરિયર ડિઝાઈનર મકાન અથવા ઑફિસમાં સજાવટની રૂપરેખા તૈયાર કરે છે. ઈન્ટિરિયર ડિઝાઈનર સામાન્ય રીતે આંતરિક વાતાવરણને પરિવર્તિત કરવા અને દેખાવમાં સુંદર અને આરામદાયક બનાવવા માટે ડિઝાઇનને લગતા વિવિધ ઘટકોનો ઉપયોગ કરે છે. તેઓ સામાન્ય રીતે ડિઝાઇન, આંતરિક આયોજન વગેરે જેવી અનેકવિધ બાબતોની કાળજી લે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમને ડ્રોઈંગ કરવાનું ગમે છે
- તમે કલાત્મક વ્યવસાયોમાં રૂચી ધરાવો છો
- તમે એક કુશળ સંવાદકર્તા છો
- સ્પષ્ટ સૂચનાઓને અનુસરવું તમને ગમે છે



આ અભ્યાસક્રમની ફી આશરે
**રૂ. ૩૦,૦૦૦ થી ૪,૬૮,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. ઇન્ટિરિયર ડિઝાઇનમાં સ્નાતક (B.Design)ની ડિગ્રી અને ત્યારબાદ તે જ વિષયમાં અનુસ્નાતક (M.Design)ની ડિગ્રી મેળવો.

અથવા ઇન્ટિરિયર ડિઝાઇન વિષય સાથે આર્કિટેક્ચર (B.Arch.)ની ડિગ્રી અને તે જ વિદ્યાશાખામાં અનુસ્નાતકની ડિગ્રી (M.Arch.) પ્રાપ્ત કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ઇન્ટિરિયર ડિઝાઈનરનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૧૧,૦૦૦ થી ૭૫,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત:https://www.payscale.com/research/IN/Job=Interior_Designer/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** આર્કિટેક્ચરલ ફર્મ્સ, ઇન્ટિરિયર ડિઝાઇન કંપનીઓ, ડિઝાઈનિંગ કન્સલ્ટન્સી, ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીઓ.

**ઉદ્યોગ સાહસિકતા:** તમે તમારી પોતાની ઇન્ટિરિયર ડિઝાઇન કંપની શરૂ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ પ્રતિ દિવસ ૮ થી ૯ કલાક ફરજ બજાવવાની હોય છે. શિફ્ટ સિસ્ટમ લાગુ છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

જુનિયર ઇન્ટિરિયર આર્કિટેક્ટ → સિનિયર ઇન્ટિરિયર આર્કિટેક્ટ → ઇન્ટિરિયર પ્રોજેક્ટ મેનેજર → ચીફ ઇન્ટિરિયર ડિઝાઈનર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ઇન્ટિરિયર ડિઝાઈનર, ઇન્ટિરિયર આર્કિટેક્ટ, હોમ ડિઝાઈનર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ડિઝાઈન/આર્કિટેક્ચર વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. હેમચંપ્રાચાર્ય નોર્થ ગુજરાત યુનિવર્સિટી, પાટણ
૨. જવાહરલાલ નેહરુ આર્કિટેક્ચર એન્ડ ફાઈન આર્ટ્સ યુનિવર્સિટી સ્કૂલ ઓફ પ્લાનિંગ એન્ડ આર્કિટેક્ચર, હૈદરાબાદ
૩. એમ.કે.એસ.એસ. સ્કૂલ ઓફ ફેશન ટેકનોલોજી, પુણે
૪. શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
૫. ઉત્કલ યુનિવર્સિટી ઓફ કલ્ચર, ભુવનેશ્વર
૬. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી, અલીગઢ, ઉત્તર પ્રદેશ
૭. ગુરુ ગોવિંદ સિંહ ઈન્દ્રપ્રસ્થ યુનિવર્સિટી, દિલ્હી

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે સંસ્થા UGC અને AICTE સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. પારુલ યુનિવર્સિટી, વડોદરા
૨. ગણપત યુનિવર્સિટી, મહેસાણા
૩. નવરચના યુનિવર્સિટી, વડોદરા
૪. ઈન્ડસ યુનિવર્સિટી, અમદાવાદ
૫. કર્ણાવતી યુનિવર્સિટી, ગાંધીનગર
૬. જ્ઞાનમંજરી ઈનોવેટિવ યુનિવર્સિટી, ભાવનગર
૭. ચારૂતર વિદ્યામંડળ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર
૮. કેટ કોલેજ ઓફ આર્કિટેક્ચર, ત્રિવેન્દ્રમ
૯. એશિયન એકેડમી ઓફ ફિલ્મ એન્ડ ટેલિવિઝન, નોઈડા
૧૦. આર્ટેમિશિયા કોલેજ ઓફ આર્ટ એન્ડ ડિઝાઈન, ઈન્દોર
૧૧. એ.પી.જે. કોલેજ ઓફ ફાઈન આર્ટસ, જલંધર
૧૨. એ.પી.જે ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન, દિલ્હી
૧૩. આર્મી ઈન્સ્ટિટ્યુટ ઓફ ફેશન એન્ડ ડિઝાઈન, બેંગ્લોર
૧૪. એડમિનિસ્ટ્રેટિવ મેનેજમેન્ટ કોલેજ, બેંગ્લોર
૧૫. એમિટી યુનિવર્સિટી, ગુરુગ્રામ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://nptel.ac.in/courses/124107006
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- www.skillindiadigital.gov.in

*NPTEL-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**મનિત રસ્તોગી** એક ભારતીય ઇન્ટિરિયર ડિઝાઈનર છે જેમણે નવી દિલ્હીમાં સ્કૂલ ઑફ પ્લાનિંગ એન્ડ આર્કિટેક્ચર અને લંડનમાં આર્કિટેક્ચરલ એસોસિએશનમાંથી સ્નાતક થયા છે. મનિત મોર્ફોજેનેસિસના સ્થાપક ભાગીદાર છે, જે ભારતના નોંધપાત્ર આર્કિટેક્ચર અને શહેરી ડિઝાઈન પ્રેક્ટિસમાંથી એક છે. મનિત આઈ.આઈ.એ. (ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઑફ આર્કિટેક્ટ્સ) અને આર.એસ.એ. (રોયલ સોસાયટી ઑફ આર્ટસ, યુકે)ના ફેલો પણ છે.*

સ્રોત:https://www.grihaindia.org/grihasummit/files/Manit_Rastogi.pdf

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.